Registration No.: SC/158/2019
Filing No. : SC/158/2019
Filed On : 09/08/2019
Registered On : 09/08/2019
**ફેસલ તારીખ : ૨૮/૦૭/૨૦૨૨**
**સમયગાળો : વર્ષ ૦૨ માસ ૧૧ દિવસ ૧૯**

**રાજકોટના મહે. એડીશ્નલ સેશન્સ જજ સાહેબની અદાલતમાં,**
**મુકામ : રાજકોટ.**

**સેશન્સ કેસ નંબરઃ ૧૫૮/૨૦૧૯.**

**આંક : ૪૨**

**શ્રી સ ર કા ર,**
( રાજકોટ શહેર "આજીડેમ" પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.રજી.નં. : ૫૭/૨૦૧૮.)**.......ફરિયાદી.**

**-:: વિ રૂ ધ્ધ ::-**

**૧. સંજયભાઇ મનસુખભાઇ સોલંકી,**
ઉ.વ. પુખ્ત, ધંધોઃ વેપાર,
**૨. મનસુખભાઇ છગનભાઇ સોલંકી,**
ઉ.વ. પુખ્ત, ધંધોઃ વેપાર,
**૩. મંજુબેન વા./ઓ. મનસુખભાઇ સોલંકી,**
ઉ.વ. પુખ્ત, ધંધોઃ ઘરકામ,
**૪. દિલીપભાઇ છગનભાઇ સોલંકી,**
ઉ.વ. પુખ્ત, ધંધોઃ વેપાર,

રહેવાસી તમામઃ માંડા ડુંગર,
ભીમરાવનગર, શેરી નંબરઃ ૧૯,
મુકામઃ રાજકોટ. ..................................... **આરોપીઓ.**

**ગુન્હોઃ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૩, ૩૩૭, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ ૧૩૫ મુજબ.**

**વકિલશ્રીઓઃઃ**
ફરીયાદપક્ષ તરફે વિદ્બાન એપીપીશ્રી બી. એ. રવેશીયા.
આરોપીપક્ષ તરફે વિદ્બાન વકિલશ્રી બી. એચ. ગોહીલ.

**-// ચુકાદો //-**

**૧.** સદર કેસમાં આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૩, ૩૩૭, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ ૧૩૫ મુજબના ગુન્હાનો આક્ષેપ છે.

**૨.** ફરીયાદપક્ષના કેસની ટુંક હકીકત એવી છે કે, ફરિયાદીના કાકાના દિકરા જેકાભાઇ ભીમાભાઇ બોળીયાની માંડા ડુંગર ભીમરાવનગર ખાતે નવદુર્ગા ચોકમાં આવેલ બજરંગ દુગ્ધાલય ડેરીએ રાજકોટ ખાતે તારીખઃ ૦૫/૦૩/૨૦૧૮ ના રોજ કલાક ૧૬-૦૦ વાગ્યે આરોપી નંબરઃ ૧ સંજયભાઇ દુધની થેલી લઇ ગયેલ અને ઘરે જઇ ચા બનાવતા ચા ફાટી ગયેલ હોય જેથી ફરિયાદીના કાકાની દિકરી જાનવી તથા રુપાલી સાથે દુધ બગડી ગયેલ હોય તે અંગે ઝગડો કરી ઇંટના ટુકડાઓના ઘા કરતા જાનવીને માથાના ભાગે ઇંટ વાગતા ઇજા થયેલ હતી અને છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી તેમજ સાહેદ જેકાભાઇને ઢીકાપાટુનો માર મારી આરોપી નંબરઃ ૨, ૩, ૪ નાઓએ સાહેદને ગાળો આપી એકબીજાને મદદગારી કરી અને આરોપીઓએ જાહેરનામાંનો પણ ભંગ કરી ગુન્હો આચર્યો હોવાની ફરીયાદ, ફરીયાદી ધ્વારા રાજકોટ શહેર "આજીડેમ" પોલીસ સ્ટેશન સમક્ષ નોંધાવતા, સદરહુ ફરિયાદ રાજકોટ શહેર "આજીડેમ" પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નંબરઃ ફર્સ્ટ ૫૭/૨૦૧૮ થી રજીસ્ટરે લીધેલ. બાદમાં તપાસ એજન્સીના કથન મુજબ

પ્રસ્તુત કામમાં પુરતો પુરાવો જણાંતા તપાસનીસ અમલદારે આરોપીઓ સામેનું ચાર્જશીટ રાજકોટના વિધ્વાન બીજા એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીની અદાલતમાં રજુ કરતા, સદરહુ ચાર્જશીટ રાજકોટના ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટના ફોજદારી કેસના રજીસ્ટરે લીધેલ. ત્યારબાદ આ કામના આરોપીઓને સમન્સ કરતા, આરોપીઓ રાજકોટના વિધ્વાન બીજા એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રી રૂબરૂ હાજર થતાં, તેમને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૭ મુજબ વિના મુલ્યે પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલી. ત્યારબાદ સદરહુ કેસ સ્પેશ્યલ એટ્રોસીટી કેસ નંબરઃ ૩૩/૨૦૧૮ નો ક્રોસ કેસ હોય ફોજદારી પરચુરણ અરજી (ટ્રાન્સફર) નંબરઃ ૨૮૬૨/૨૦૧૮ ના કામે થયેલ હુકમ અનુસાર હાલનો કેસ સ્પેશ્યલ (એટ્રોસીટી) કેસ નંબરઃ ૩૩/૨૦૧૮ સાથે ચલાવવા માટે સેશન્સ કોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવતા સેશન્સ કેસ નંબરઃ ૧૫૮/૨૦૧૯ થી રજીસ્ટરે લેવામાં આવેલ અને ત્યારબાદ ન્યાયિક નિર્ણય થવા સારૂ સદરહુ કેસ અત્રેની અદાલતમાં તબદીલ કરવામાં આવેલ છે.

૩. આરોપીઓ અદાલત સમક્ષ ઉપસ્થિત થતાં મારા પુરોગામી વિદ્વાન સ્પેશ્યલ જજશ્રીએ આરોપીઓ સામે આંક-૭ થી તહોમતનામું ફરમાવેલ, બાદ આંક- ૦૮ થી આંક ૧૧ સુધીમાં આરોપીઓનું નિવેદન લેતા, આરોપીઓએ ગુન્હો કરેલ ન હોવાનું જણાવેલ છે. બાદ ફરિયાદપક્ષ તરફથી રજુ થયેલ પુરાવા નોંધવામાં આવેલ.

૪. ફરિયાદપક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

**<u>મૌખિક પુરાવો.</u>**

| ક્રમ | આંક | વિગત | |
|---|---|---|---|
| ૦૧ | **૧૫** | લાલાભાઇ ભવાનભાઇ બોળીયા. | ફરીયાદી. |
| ૦૨ | **૧૮** | જગાભાઇ ઉર્ફે જેકાભાઇ ભીમાભાઇ | ભોગ બનનાર સાહેદ. |

| | | | |
|---|---|---|---|
| | | બોળીયા. | |
| ૦૩ | **૧૯** | સંજયભાઇ મોહનભાઇ મેવાડા. | સ્થાનિક જગ્યાના પંચનામાના પંચ. |
| ૦૪ | **૨૧** | કમલેશભાઇ ઉર્ફે ભાવેશભાઇ દિનેશભાઇ મકવાણા. | અટક પંચનામાના પંચ. |
| ૦૫ | **૨૫** | ભરતભાઇ જમનાદાસ ભણંગજી. | પોલીસ કમિશ્નર કચેરીના કર્મચારી. |
| ૦૬ | **૨૮** | ચેતન મેણંદભાઇ ચાવડા. | તપાસ કરનાર અમલદાર. |

## દસ્તાવેજી પુરાવો.

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| (૧) | **૧૬** | ફરીયાદ. |
| (૨) | **૨૦** | ગુન્હાવાળી જગ્યાનું પંચનામું. |
| (૩) | **૨૨** | અટક પંચનામું. |
| (૪) | **૨૬** | જાહેરનામાની નકલ. |
| (૫) | **૨૯** | ગુન્હો દાખલ કરવા અંગેનો લખેલ પત્ર. |

**૫.** બાદ આ કામે આંક– ૩૬ થી વિધ્વાન સરકારી વકિલશ્રીએ પુરાવો પુરો કર્યાનું જાહેર કરતા ઉપર મુજબનો પુરાવો પુરો થઈ ગયા બાદ આરોપીઓનો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૩ અન્વયે વિશેષ જવાબ નોંધવામાં આવેલ. જેમાં તેઓએ જણાવેલ છે કે, "અમો નિર્દોષ છીએ, અમોએ કોઇ ગુન્હો કરેલ નથી, અમારી સામે ખોટી રીતે ફરિયાદ કરવામાં આવેલ છે, અમો આરોપી સંજયભાઇએ આ ફરિયાદ પહેલા એટ્રોસીટી એક્ટ અન્વયે ફરિયાદ કરેલ હોય, આરોપી જેહાભાઇના બચાવના ભાગરુપે અમારી સામે ખોટી ફરિયાદ ઉભી કરવામાં આવેલ છે."

**૬.** પ્રસ્તુત કામમાં વિધ્વાન એ.પી.પી. શ્રી બી. એ. રવેશીયા એ દલીલ કરેલ છે કે, હાલના કામે આરોપીઓ વિરુધ્ધ આંક ૦૭ ના તહોમતનામાંની વિગતે

ફરિયાદીના કાકાના દિકરા જેકાભાઇ ભીમાભાઇ બોળીયાની માંડા ડુંગર ભીમરાવનગર ખાતે નવદુર્ગા ચોકમાં આવેલ બજરંગ દુગ્ધાલય ડેરીએ રાજકોટ ખાતે તારીખઃ ૦૫/૦૩/૨૦૧૮ ના રોજ કલાક ૧૬–૦૦ વાગ્યે આરોપી નંબરઃ ૧ સંજયભાઇ દુધની થેલી લઇ ગયેલ અને ઘરે જઇ ચા બનાવતા ચા ફાટી ગયેલ હોય જેથી ફરિયાદીના કાકાની દિકરી જાનવી તથા રુપાલી સાથે દુધ બગડી ગયેલ હોય તે અંગે ઝગડો કરી ઇંટના ટુકડાઓના ઘા કરતા જાનવીને માથાના ભાગે ઇંટ વાગતા ઈજા થયેલ હતી અને છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી તેમજ સાહેદ જેકાભાઇને ઢીકાપાટુનો માર મારી આરોપી નંબરઃ ૨, ૩, ૪ નાઓએ સાહેદને ગાળો આપી એકબીજાને મદદગારી કરી અને આરોપીઓએ જાહેરનામાંનો ભંગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૩, ૩૩૭, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ ૧૩૫ મુજબનો ગુન્હો કર્યાના આક્ષેપ છે.

આ કામે રેકર્ડ પર રજુ થયેલ પુરાવો વંચાણે લઇએ તો ફરિયાદી તેમના કોર્ટ સમક્ષના પુરાવામાં ફરિયાદી બનાવની હકીકતોને સ્પષ્ટપણે સમર્થનકારી પુરાવો આપે છે અને જણાવે છે કે, બજરંગ ડેરી તેમના કાકાના દિકરા જેકાભાઇની છે અને ત્યાં ઝઘડો થયેલ હોવાની તેમને ખબર પડતા તેઓએ ત્યાં જઇ જોયું તો મનસુખભાઇ, દિલિપ, સંજય અને તેની સાથેના એક બહેન હતા તે દુધની થેલી બાબતે માથાકુટ કરતા હતા અને તેમના કાકાની દિકરીને ઇંટનો કટકો હોઠ પર સંજયે મારેલ હતો અને તેમા કાકાના દિકરા જેકાભાઇને આ લોકોએ છરી બતાવેલી હતી અને જેમફાવે તેમ ગાળો બોલતા હતા. ફરિયાદીના ઉપરોક્ત પુરાવાની હકીકતોને સાહેદ જગાભાઇ ઉર્ફે જેકાભાઇ ભીમાભાઇ બોળીયાના આંક ૧૮ થી રજુ પુરાવાથી સમર્થન મળે છે અને સદરહુ સાહેદ પણ

દુધની થેલી બાબતે આરોપી સંજયભાઇએ બોલાચાલી કરેલી જેમા ગાળો બોલી જપાજપી કરવા લાગેલ અને ઝઘડો થતા અન્ય આરોપીઓ પણ બનાવ સ્થળે આવી ગયેલ અને ઝઘડો કરેલ હોવાનું જણાવે છે. આમ, ફરિયાદપક્ષે આરોપીઓ સામેના આક્ષેપો મુજબના ગુન્હાના આવશ્યક તત્વો પુરવાર કરેલ હોય જેથી આરોપીઓને તેમની સામેના ગુન્હાઓ સબબ તકસીરવાન ઠરાવી કાયદામાં નિર્દિષ્ટ કરેલ મહત્તમ સજા કરવાની માંગણી કરેલ છે.

**૬.૧..** જ્યારે બચાવપક્ષ તરફે વિદ્વાન વકિલ શ્રી બી. એચ. ગોહેલ તરફે આંક ૪૦ થી લેખિત દલીલ રજુ કરેલ છે જેમાં મુખ્યત્વે એવી દલીલ કરેલ છે કે, હાલની ફરિયાદ, આરોપીએ સાહેદ જેહાભાઇ ઉર્ફે જગાભાઇ સામે કરેલ એટ્રોસીટીની ફરિયાદમાં સાહેદ જેહાભાઇનો બચાવ ઉભો કરવાના માટે પાછળથી બનાવ બાદ સાત કલાક પછી ખોટી ઉભી કરવામાં આવેલ છે, લાલાભાઇ બનાવ વખતે હાજર પણ ન હતા અને તેમણે હાલની ખોટી ફરિયાદ આપેલ છે. વધુમાં ફરિયાદીનો કોર્ટ સમક્ષનો પુરાવો જોવામાં આવે તો, આંક ૧૫ ની જુબાનીમાં ફરિયાદી સ્પષ્ટ જણાવે છે કે, "મને ખબર પડતા હું ત્યાં ગયેલ ત્યાં જોયું તો મનસુખભાઇ, દીલીપ, સંજય અને તેની સાથેના એક બહેન હતા, તે દુધની થેલી બાબતે માથાકુટ કરતા હતા અને મારા કાકાની દીકરીને ઇંટનો કટકો હોઠ પર સંજયે મારેલ હતો" આમ, ખરેખર જો ફરિયાદીના કાકાની દીકરીને ઇંટનો કટકો હોઠ પર મારેલ હોય અને તેણીને ઇજા થયેલ હોય તે બાબતે કોઇ પ્રાથમિક સારવાર લીધેલ હોય તેના કાગળો કે આધાર પુરાવા રેકર્ડ પર રજુ થયેલ નથી એટલુ જ નહીં પરંતુ તેણીના પિતા જેહાભાઇએ તેમના પુરાવામા સંજયભાઇએ ઇંટનો કટકો તેમની દીકરીને મારેલ હોય તેવું જણાવેલ નથી જેથી આ હકીકત માની શકાય તેમ નથી. વધુમાં સવાલવાળી ફરિયાદ સાત કલાક

બાદ કરેલ છે જેથી આરોપીઓ સામેની ફરિયાદ શંકાસ્પદ છે અને માત્ર આરોપી સંજયભાઈની ફરિયાદ સામે સાહેદ જેહાભાઈ ઉર્ફે જગાભાઈનો બચાવ ઉભો કરવા માટે કાઉન્ટર બ્લાસ્ટના ભાગરુપે ખોટી ફરિયાદ ઉભી કરવામાં આવેલ છે. વધુમાં ફરિયાદપક્ષના સાહેદ નંબરઃ ૧ અને સાહેદ નંબરઃ ૨ ની નામ. કોર્ટ સમક્ષની જુબાનીમાં ઘણો જ વિરોધાભાષ જણાય આવે છે. વધુમા પંચ સાહેદોએ પણ પંચનામાની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ નથી તેમજ આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોએ પણ સમર્થનકારી પુરાવો આપેલ નથી. આ કામે રજુ થયેલ સાહેદોનો પુરાવો વિશ્વસનીય અને ભરોસાપાત્ર નથી. આમ, રેકર્ડ ઉપર ફરિયાદી તથા સાહેદોના પુરાવામાં મહત્વની હકીકતો બાબતે વિરોધાભાષ આવેલ હોય તે સંજોગોમાં ફરિયાદપક્ષ આરોપીઓ સામે આક્ષેપિત ગુન્હાના આવશ્યક તત્વોની હકીકતો નિઃશંકપણે પુરવાર કરવામા સદંતર નિષ્ફળ રહેલ હોય જેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

૭. ઉપરોકત કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉદ્દભવેલ છે.

**(૧) શું ફરિયાદપક્ષ સાબિત કરે છે કે, તારીખઃ ૦૫/૦૩/૨૦૧૮ ના રોજ કલાક ૧૬–૦૦ વાગ્યે આરોપી નંબરઃ ૧ સંજયભાઇ દુધની થેલી લઇ ગયેલ અને ઘરે જઇ ચા બનાવતા ચા ફાટી ગયેલ હોય જેથી ફરિયાદીના કાકાની દિકરી જાનવી તથા રુપાલી સાથે દુધ બગડી ગયેલ હોય તે અંગે ઝગડો કરી ઇંટના ટુકડાઓના ઘા કરતા જાનવીને માથાના ભાગે ઇંટ વાગતા ઈજા થયેલ હતી અને છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી તેમજ સાહેદ જેકાભાઇને ઢીકાપાટુનો માર મારી આરોપી નંબરઃ ૨, ૩, ૪ નાઓએ સાહેદને ગાળો આપી એકબીજાને મદદગારી કરી જાહેરનામાંનો ભંગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૩, ૩૩૭, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫**

**મુજબ શિક્ષાનેપાત્ર ગુન્હો આચરેલ છે ?**

**(૨) શું હુકમ ?**

૮. ઉપરોક્ત મુદાઓના અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) **નકારાત્મક,**

(૨) **આખરી હુકમ મુજબ.**

–:: <u>કા ર ણો</u> ::–

**<u>મુદ્દા નંબર : ૧</u>.**

૯. પ્રસ્તુત કામમાં આરોપીઓ વિરૂધ્ધ મુખ્યત્વે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૩, ૩૩૭, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ ૧૩૫ મુજબનુ તહોમત આક્ષેપીત છે. જેથી આ કામે આરોપીઓ સામેના ઉપરોક્ત આક્ષોપોની હકીકતો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે નીચે જણાવ્યા મુજબના ગુન્હાના આવશ્યક તત્વોની હકીકતો પુરવાર કરવી જરૂરી બની રહે છે.

**<u>આવશ્યક તત્વો::</u>**

**<u>કલમઃ ૩૨૩ :</u>**

ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૨૩ મુજબ સ્વેચ્છાપૂર્વક વ્યથા કરવાના શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરીયાદપક્ષે નીચે મુજબની બાબતો સાબીત કરવી જરૂરી છે.

**૧. આરોપીએ શારીરિક પીડા, રોગ અથવા અશકિત નિપજાવ્યા.**

**૨. આવું કૃત્ય આરોપીએ ઈરાદા કે જ્ઞાન સાથે સ્વેચ્છાપૂર્વક કરેલ છે.**

**<u>કલમઃ ૩૩૭ :</u>**

ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૩૭ મુજબનો બીજાઓની જિંદગી કે શારીરિક સલામતી જોખમમાં મૂકાય એવા કૃત્યોથી વ્યથા કરવા બાબતના શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરીયાદ પક્ષે નીચે મુજબની બાબતો સાબીત કરવી જરૂરી છે.

**૧. આરોપીએ બેફામપણે અથવા બેદરકારીપૂર્વક કોઈ કૃત્ય કર્યુ.**

**૨. તેવા કૃત્યના કારણે માનવજીંદગી અથવા અન્યની શારીરિક સલામતી ભયમાં મુકાઈ.**

**૩. તેવા કૃત્યના કારણે કોઈ વ્યકિતને વ્યથા નિપજી.**

**કલમઃ ૫૦૪ :**

ભારતીય ફોજદારી ધારાની કલમ ૫૦૪ મુજબ સુલેહભંગ કરવા ઉશ્કેરવાના ઈરાદાથી અપમાનના શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરીયાદપક્ષે નીચે મુજબની બાબતો સાબીત કરવી જરૂરી છે.

**ઉશ્કેરાઈ જઈને કોઈ વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભગ કરે અથવા કોઈ ગુનો કરી બેસે તેવા ઈરાદાથી અથવા કોઈ વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરશે અથવા કોઈ ગુન્હો કરી બેસશે તેવો સંભવ હોવાનું જાણવા છતાં, કોઈપણ વ્યકિત ઈરાદાપૂર્વક અન્ય કોઈ વ્યકિતનું અપમાન કરીને તેને એવા ઉશ્કેરાટનું કારણ આપે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.**

**કલમઃ ૫૦૬(૨) :**

ભારતીય ફોજદારી ધારાની કલમ ૫૦૬(૨) મુજબનો ગુન્હાહીત ધમકીના શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરીયાદપક્ષે નીચે મુજબની બાબતો સાબીત કરવી જરૂરી છે.

**૧. આરોપીએ ફરીયાદીને ધમકી આપેલી.**

**૨. તે ધમકી મૃત્યુ નિપજાવવાની હતી.**

**૩. આવી ધમકી તેણે કરવાના કાયદેસરના કાર્યને ન કરવા કે કાર્યલોપ માટે આપવામાં આવેલ હતી.**

**૧૦.** પ્રસ્તુત કામમાં ફરિયાદપક્ષે સાહેદ નંબરઃ ૧, આંક– ૧૫ થી ફરીયાદી લાલાભાઈ ભગવાનભાઈ બોળીયા ને સોગંદ પર તપાસ્યા છે. તેઓ તેમના કોર્ટ સમક્ષના સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, તેઓ ભીમરાવનગરમાં રહે છે અને માલઢોર રાખીને દૂધ વેચવાનો ધંધો કરે છે, તેઓ તેમના ઘરે હાજર હતા ત્યારે

તેમની આગળના ચોક નવદુર્ગામાં ઝઘડો થતો હોવાથી ત્યાં ગયેલ ત્યાં જોયું તો બજરંગ ડેરીમાં તેમના કાકાના દીકરા જેકાભાઈ ભીમાભાઈની છે. ત્યાં મનસુખભાઈ, દીલીપ, સંજય અને તેની સાથેના એક બહેન હતા તે દૂધની થેલી બાબતે માથાકૂટ કરતા હતા અને તેમના કાકાની દીકરીને ઈંટનો કટકો હોઠ પર સંજયે મારેલો હતો અને તેમના કાકાના દિકરા જેકાભાઈને આ લોકોએ છરી બતાવેલી હતી અને જેમફાવે તેમ ગાળો બોલતા હતા. જેથી પોલીસને આ બનાવ બાબતે ફરીયાદ કરેલી હતી. જે ફરિયાદ આ કામે આંક ૧૬ થી રજુ થયેલ છે. આરોપીઓને ઓળખી બતાવેલ છે. વધુમાં ફરિયાદીને મુદ્દામાલ આર્ટીકલ:-૧ વાળી છરી બતાવતા જે બનાવ વખતે આરોપી સંજયના હાથમાં હતી અને સંજયે કહેલ કે, તને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપેલી. બાદમાં જણાવે છે કે એકાદાને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપેલી હતી.

ફરિયાદીની બચાવપક્ષે કરવામા આવેલ ઉલટ તપાસની હકીકતો વંચાણે લઈએ તો ફરિયાદી સ્વીકારે છે કે, બનાવવાળી જગ્યા મારા ઘરથી કેટલી દૂર છે તેની મને ખબર નથી પરંતુ દેકારો થતો હોય તો સંભળાય. બનાવ બન્યો ત્યારે મને કોઈ બોલાવવા આવેલું નહીં પણ હું જાતે ગયેલો હતો, બનાવ વખતે મારા કાકાના દીકરા અને તેની પત્ની બહાર ગયેલા હતા, સંજયભાઈ દૂધની થેલી બદલાવવા ગયેલા અને દૂધની થેલી બદલી આપી ત્યારે હું ત્યાં હાજર નહોતો, સંજયભાઈ દૂધ બદલાવવા માટે એકલા આવેલા, હું બનાવ વિસ્તારમાં વીસ વર્ષથી રહું છું અને દૂધનો વેપાર પંદરેક વર્ષથી કરૂ છું, દૂધનો વેપાર કરવા માટે રાજકોટ મ્યુનીસીપલ કોર્પોરેશનનું લાયસન્સ લેવું પડે છે, સંજયભાઈ, દીલીપભાઈ ને આ વિસ્તારમાં રહેતા હોવાથી બનાવ પહેલાથી ઓળખું છું, સંજયભાઈ અને દીલીપભાઈ દલીત જ્ઞાતીના છે તેવું હું જાણું છું, સંજયભાઈ

અમારા વિરૂધ્ધ એટ્રોસીટીની ફરીયાદ દાખલ કરેલ છે. મારા ઘરથી આજીડેમ પોલીસ સ્ટેશન ઘણું દૂર થાય છે. ફરીયાદ આપવા હું એકલો પોલીસ સ્ટેશને ગયેલો હતો. હું મારી જાતે ફરીયાદ કરવા ગયેલો. મારા કાકાના દીકરા ફરીયાદ કરી શકે, મેં ફરીયાદ લખાવ્યા પછી પોલીસ મારી પાસે આવેલી નહીં, મારા કાકાના દીકરાનું નામ જેકાભાઈ ભીમાભાઈ છે.

આમ, ફરીયાદીનો ઉપરોક્ત નોંધવામાં આવેલ પુરાવો વંચાણે લઇએ તો સૌપ્રથમ તો આ કામની ફરિયાદ સાત કલાક મોડી આપવામાં આવેલ છે તે બાબતે આ કામે કોઇ સંતોષકારક ખુલાશો કરવામાં આવેલ નથી, વધુમાં આ કામની ફરિયાદ જોવામાં આવે તો ફરિયાદીને સાહેદ જગાભાઇએ તેમની દિકરી જાનવીને આરોપી સંજયે છરી બતાવી જાનથી નારી નાંખવાની ધમકી આપેલ હોવાનુ દર્શાવેલ છે. પરંતુ સાહેદ જગાભાઇ આવી કોઇ જ હકીકત તેમના કોર્ટ સમક્ષના આંક ૧૮ થી રજુ કોર્ટ સમક્ષના પુરાવામાં જણાવેલ નથી તેમજ તપાસ કરનાર અમલદારનો આંક ૨૮ થી રજુ કોર્ટ સમક્ષનો પુરાવો વંચાણે લેતા તેઓ પણ સાહેદ જગાભાઇએ તેમના પોલીસ સમક્ષના નિવેદનમાં ઉપરોક્ત હકીકત લખાવેલ હોવાનો ઈન્કાર કરેલ છે. જેથી હાલના ફરિયાદી કે જેઓ બનાવ સ્થળે હાજર ન હતા પરંતુ સાહેદ જગાભાઇના જણાવ્યા મુજબની હકીકતે ફરિયાદ નોંધાવેલી છે. પરંતુ સાહેદ જગાભાઇનો પુરાવો જ રેકર્ડ પર વિરોધાભાષી છે જેથી હાલના ફરિયાદીના પુરાવાથી આ કામે રજુ આંક ૧૬ વાળી ફરિયાદની હકીકતો પુરવાર થતી નથી અને ખરેખર ફરિયાદમાં જણાવ્યા મુજબનો બનાવ બનેલ છે કે કેમ તે હકીકત પણ શંકાસ્પદ બની રહે છે.

૧૧. ફરીયાદપક્ષે સાહેદ નંબરઃ ૨, આંક– ૧૮ થી સાહેદ જગાભાઇ ઉર્ફે જેકાભાઇ ભીમાભાઇ બોળીયાને તપાસ્યા છે તેઓ તેમની કોર્ટ સમક્ષની જુબાનીમાં

જણાવે છે કે, તેઓ આજીડેમ પાસે તેમના પરીવાર સાથે રહે છે અને તેમને સંતાનમાં ત્રણ દીકરીઓ અને બે દીકરાઓ છે. બનાવ તા.૫/૩/૧૮ નાં બપોરના ત્રણેક વાગ્યાના અરસામાં તેઓ તેમની દૂધની દુકાને હતા ત્યારે સંજયભાઈ મનસુખભાઈ સોરઠ બ્રાન્ડની રૂા. ૨૦ વાળી દૂધની થેલી લેવા આવેલા. થોડીકવાર પછી સંજયભાઈ દૂધની થેલી લઈને પાછા આવેલા અને કહેલ કે, આવું દૂધ અપાય તેવું કહીને ગાળો આપવા લાગેલા જેથી તેને સમજાવેલા કે ગાળો ન બોલો. જેથી તે વધારે ઉશ્કેરાઈને વધારે ગાળો બોલવા લાગેલા અને જપાજપી કરવા લાગેલા જેથી આડોશી–પાડોશીઓ ભેગા થઈ ગયેલા હતા અને બાદમાં સંજયભાઈની બા મંજુબેન અને તેના પિતા અને કાકા દીલીપભાઈ આવી ગયેલા અને આ બધા મારી સાથે જપાજપી કરીને ગાળો દઈને જતા રહેલ. પછી મારા દાદાના દીકરા લાલાભાઈ ભગવાનભાઈ બોળીયા આવેલા અને અમો ફરીયાદ કરવા ગયેલા.

હાલના સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ મુજબ તેઓ ભણેલ નથી, તેમના પત્ની ઘરકામ કરે છે અને બીજે પણ ઘરનું કામ કરવા જાય છે, બનાવ બન્યો ત્યારે મારા પત્ની બીજે ઘરકામ કરવા ગયેલા હતા, મારી દીકરીઓ જાહનવી અને રૂપલ સ્કુલમાં ભણવા જાય છે, દૂધની ડેરી ઉપર દૂધ વેચવા માટે મારી પાસે કોઈ લાયસન્સ નથી કે મેં કોઈ એજન્સી લીધેલ નથી, સંજયભાઈ જે દૂધ લઈ ગયેલ તે દૂધ બદલાવવા આવેલ હતા, અમો સોરઠ દૂધ રાખીએ છીએ બીજું દૂધ રાખતા નથી, સંજયભાઈએ મારી વિરૂધ્ધ કેસ કરેલ છે અને જેમાં મારી અટક થયેલી, હું પોલીસ સ્ટેશને ગયેલો પણ મેં ફરીયાદ આપેલી નથી, બનાવ બન્યો ત્યારે લાલાભાઈ નહોતા, મારા પોલીસ નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે,''બનાવ બાદ હું જતો રહેલ બાદ આ બનાવની જાણ મારા મોટા બાપુનો દીકરો લાલાભાઈ ભગવાનભાઈ કે જે મારા ઘર

પાસે રહે છે તેને હું તેના ઘરે જઈ આ બનાવની જાણ કરેલી હતી.''

આમ, સાહેદનો પુરાવો વંચાણે લઈએ તો તેઓ તેમના કોર્ટ સમક્ષના પુરાવામાં ફરિયાદીના પુરાવાની હકીકતોથી તેમજ આંક ૧૬ માં દર્શાવ્યા મુજબની ફરિયાદીની હકીકતોથી અલગ પ્રકારની હકીકતો જણાવે છે. જેથી હાલના સાહેદ કે જેમના જણાવ્યા મુજબ હાલના ફરિયાદીએ ગુન્હાની ફરિયાદ નોંધાવેલ છે. પરંતુ હાલના સાહેદ જગાભાઈનો પુરાવો જ જ્યારે વિરોધાભાષી હોય ત્યારે તેવા સાહેદના જણાવ્યા મુજબની ફરિયાદની હકીકતો માની શકાય તેમ નથી. આ સંજોગોમાં ફરિયાદપક્ષના કેસની હકીકતોને હાલના સાહેદના પુરાવાથી સમર્થન મળતુ નથી.

**૧૨.** આ કામે આંક ૧૯ થી ફરિયાદપક્ષના સાહેદ નંબરઃ ૩ સંજયભાઈ મોહનભાઈ મેવાડા કે જેઓ ગુન્હાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ છે તેમનો પુરાવો વંચાણે લેતા તેઓ તેમના ઘરેથી નીકળી પોતાના કામ પર જતા હતા ત્યારે પોલીસે તેમને રસ્તામા રોકીને તૈયાર પંચનામામા સહી લીધેલી. તેમની હાજરીમાં કોઈ ગુન્હાના ફરિયાદીએ કોઈ ગુન્હાવાળી જગ્યા બતાવેલ હોય અને તે અંગેનું પંચનામું કરવામાં આવેલ હોય તેવું બનેલ નથી. પંચ સાહેદના પુરાવા દરમ્યાન આંક ૨૦ થી ગુન્હાવાળી જગ્યાનું પંચનામું રજુ થયેલ છે. પરંતુ સદરહુ સાહેદ પંચનામાંની હકીકતોને સમર્થનકારી પુરાવો આપતા ન હોય ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવ્યા છે અને બાદમાં કરવામાં આવેલ ઉલટ તપાસમાંથી પણ કોઈ ફળદાયી હકીકતો બહાર આવવા પામેલ નથી. જેથી આંક ૨૦ વાળા ગુન્હાવાળી જગ્યાના પંચનામાંની હકીકતો ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી.

**૧૩.** આ કામે ફરિયાદપક્ષે સાહેદ નંબરઃ ૪, કમલેશભાઈ ઉર્ફે ભાવેશભાઈ દિનેશભાઈ

મકવાણા કે જેઓ અટક પંચનામાના પંચ સાહેદ છે તેમને તપાસ્યા છે. તેઓ તેમના કોર્ટ સમક્ષના પુરાવામાં જણાવે છે કે, વર્ષા ટેલીકોમ પાસે માથાકુટ થયેલ હતી ત્યારે તેઓ ત્યાં ગયેલ હતા ત્યારે પોલીસે તેમની સહી કરાવેલ હતી. તેમની હાજરીમા કોઈને અટક કરેલ હોય તેવું બનેલ નથી. પોલીસ કોઈ વ્યક્તિઓના નામ–સરનામા અંગે પુછતાછ કરતા હોય તેવું બનેલ નથી. તેમની હાજરીમાં કોઈ મુદામાલ કબ્જે કરેલ હોય તેવું બનેલ નથી. હાલના સાહેદના પુરાવા દરમ્યાન આંક ૨૨ થી અટક પંચનામું રજુ થયેલ છે. પરંતુ સદરહુ સાહેદ પંચનામાંની હકીકતોને સમર્થનકારી પુરાવો આપતા ન હોય ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવ્યા છે અને બાદમાં કરવામાં આવેલ ઉલટ તપાસમાંથી પણ કોઈ ફળદાયી હકીકતો બહાર આવવા પામેલ નથી. જેથી આ કામે રજુ આંક ૨૨ વાળા અટક પંચનામાની હકીકતો પુરવાર કરવામાં ફરિયાદપક્ષ સફળ રહેલ નથી.

**૧૪.** આ કામે સાહેદ નંબરઃ ૫, આંક ૨૫ થી ભરતભાઈ જમનાદાસ ભણંગજી કે જેઓ પોલીસ કમિશ્નર કચેરીના કર્મચારી છે તેમને તપાસ્યા છે. તેઓ તેમના કોર્ટ સમક્ષના પુરાવામાં જણાવે છે કે, રાજકોટનાં પોલીસ કમીશ્નરશ્રી અનુપમસિંહ ગેહલોત સાહેબે તેઓને મળેલ સત્તાની રૂએ રાજકોટ શહેરની હકુમત વિસ્તારમાં હથીયાર સંબંધી જાહેરનામું તા.૧૯/૦૨/૨૦૧૮ નાં રોજ બહાર પડેલ તે જાહેરનામા ક્રમાંક નંબર: એસ.બી./જાહેરનામું/૫૭૨–૨૦૧૮, તારીખ: ૧૯/૨/૨૦૧૮ નાં બહાર પડેલ જેની અમલવારી સમયે તા. ૧/૩/૨૦૧૮ થી તા. ૩૦/૪/૧૮ સુધીનું હતું તે જાહેરનામામાં જણાવ્યા મુજબની પ્રસીધ્ધીની કાર્યવાહી જે–તે વખતે કરવામાં આવેલી. હાલના સાહેદના પુરાવા દરમ્યાન આંક ૨૬ થી જાહેરનામું રજુ રાખવામાં આવેલ છે.

હાલના સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ મુજબ

જાહેરનામું ઢંઢેરો પીટી જાહેર કરવામાં આવેલું હોઈ તે સંબંધેનો કોઈ પુરાવો તેમની પાસે નથી કે રેકર્ડમાં કચેરીમાં પણ નથી, કઈ–કઈ જાહેર જગ્યાએ જાહેરનામું ચોડી બજાવેલ હોઈ તે બાબતેની કોઈ નોંધ નથી, જાહેરનામામાં રાજકોટ પોલીસ કમીશ્નર શ્રી અનુપમસિંહ ગેહલોત સાહેબે સહી કરી ત્યારે તેઓ હાજર નહોતા.

આમ, હાલના સાહેદના પુરાવાની ઉપરોક્ત નોંધવામા આવેલ હકીકતો વંચાણે લેતા આ કામે રજુ રાખવામાં આવેલ જાહેરનામું ઢંઢેરો પીટી જાહેર કરવામાં આવેલું હોઈ તે સંબંધેનો કોઈ પુરાવો રજુ થયેલ નથી તેમજ સદરહુ જાહેરનામું કઈ–કઈ જાહેર જગ્યાએ ચોડી બજાવેલ તે હકીકત પણ પુરવાર થતી નથી. જેથી આ કામે જયારે જાહેરનામું જ યોગ્ય રીતે પ્રસિધ્ધ કરવામાં આવેલ હતુ તે હકીકત ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી ત્યારે આરોપીઓ દ્વારા બનાવ સમયે જાહેરનામાંનો ભંગ કરેલ હોવાનું માની શકાય નહી.

**૧૫.** આ કામે ફરિયાદપક્ષે સાહેદ નંબરઃ ૬, ચેતન મેણંદભાઈ ચાવડાને આંક ૨૮ થી તપાસ્યા છે તેઓ તેમના કોર્ટ સમક્ષના પુરાવામા જણાવે છે કે, તારીખઃ ૫/૩/૧૮ ના રોજ અમો આજી ડેમ પો.સ્ટે.માં એ. એસ. આઈ. તરીકે ફરજ ઉપર હતા ત્યારે ફરીયાદી શ્રી લાલાભાઈ ભગવાનભાઈ મોરી આવેલ અને પોતાની ફરીયાદ આપેલી. ફરીયાદ આપ્યા બાદ ફોરવર્ડીંગ પત્ર સાથે પી એસ ઓને ગુનો રજી. કરવા માટે મોકલી આપેલ. જે ફોરવર્ડીંગ પત્ર આ કામે આંક ૨૯ થી રજુ રાખવામાં આવેલ છે. આ કામે આરોપી સંજયભાઈ મનસુખભાઈ સોલંકીએ બનાવમા વપરાયેલ છરી રજુ કરતા તપાસના કામે કબજે કરેલ. ત્યારબાદ લાગતા વળગતા સાહેદોના નીવેદનો લીધેલ. આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો હોય નામ. કોર્ટમા તેનુ ચાર્જશીટ કરેલુ.

હાલના સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ મુજબ બનાવની ફરીયાદ ૭ કલાક મોડી આપવામા આવેલ છે, ફરીયાદીએ ફરીયાદ

મોડી આપવા બાબતનો કોઈ ખુલાસો આપેલ નથી, બનાવ સંજયભાઈ મનસુખભાઈ અને જગાભાઈ ભીમાભાઈ વચ્ચે બનેલ જયારે ફરીયાદ જગાભાઈના મોટાબાપુના દીકરા લાલાભાઈએ આપેલ છે, હાલના કામે આરોપી સંજયભાઈએ જગાભાઈ વિરુધ્ધ ઈ.પી.કો. કલમ ૩૨૩ અને એટ્રોસીટી અંગેનો ગુનો નોંધાવેલ હતો, જગાભાઈ જો પો.સ્ટે.મા ફરીયાદ કરવા આવે તો તેઓની સંજયભાઈએ જે ફરીયાદ આપેલી તેમા ધરપકડ થાત, લાલાભાઈ બનાવ સમયે બનાવ સ્થળે હાજર ન હતા, જગાભાઈના મારી રુબરુના નીવેદનમા ''સંજયએ છરી બતાવી મારી દીકરી જાનવીને મારી નાખવાની ધમકી આપેલી'' એવુ જણાવેલ નથી કે લખાવેલ નથી, બનાવ વખતે લાલાભાઈ બનાવ સ્થળે આવેલ હોય તેવી હકીકત જગાભાઈએ નીવેદનમા જણાવેલ નથી.

આમ, હાલના સાહેદનો પુરાવો વંચાણે લઈએ તો તેઓએ આ કામે જે કંઈ કાર્યવાહી તપાસ દરમ્યાન કરેલી તે બાબતે પુરાવો આપેલ છે અને તે રીતે હાલના સાહેદનો પુરાવો તે વિધીવત પ્રકારના સાહેદ તરીકેનો પુરાવો હોવાનું માની શકાય. વધુમાં હાલના સાહેદના પુરાવા મુજબ ફરિયાદ સાત કલાક મોડી શા માટે આપવામા આવેલ છે તે બાબતે ફરિયાદી તરફે કોઈ સંતોષકારક ખુલાશો કરવામાં આવેલ નથી તેમજ આ કામનો બનાવ સંજયભાઈ અને જગાભાઈ વચ્ચે બનેલ હોવા છતા ફરિયાદ જગાભાઈના મોટાબાપુના દિકરા લાલાભાઈએ આપેલ છે અને લાલાભાઈ કે જેઓ ફરિયાદી છે તે બનાવ સ્થળે હાજર ન હતા, વધુમાં હાલના સાહેદ એમ પણ જણાવે છે કે, જગાભાઈએ તેમની રુબરુના નિવેદનમાં સંજયે છરી બતાવી તેમની દિકરી જાનવીને મારી નાંખવાની ધમકી આપેલી તેવું લખાવેલ નહી. જ્યારે ફરિયાદ આંક ૧૬ ની જોવામાં આવે તો ફરિયાદીને જગાભાઈએ આરોપી સંજયે છરી બતાવી તેમની

દિકરી જાનવીને મારી નાંખવાની ધમકી આપેલી તેવું ફરિયાદમાં દર્શાવેલ છે. જેથી ખરેખર આ કામે ફરિયાદમાં દર્શાવ્યા મુજબનો બનાવ બનેલ છે કે, કેમ તે બાબતે પણ શંકા ઉત્પન્ન થાય છે.

**૧૬.** આમ, આ કામે રેકર્ડ પર રજુ થયેલ સમગ્ર પુરાવો વંચાણે લેતા ફરિયાદી અને સાહેદ જગાભાઇનો પુરાવો વિશ્વાસપાત્ર પુરાવો હોવાનું રેકર્ડ પર પ્રસ્થાપિત થતું નથી, આ કામે તમામ પંચ સાહેદોએ પંચનામાની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ નથી અને તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવ્યા છે જેથી પંચનામાની હકીકતો પુરવાર થતી નથી. તે સંજોગોમા આ કામના આરોપીઓએ ઈજા પામનારને સ્વૈચ્છાપુર્વક કોઇ ઈજા પહોંચાડેલ હોવાનું પુરવાર થતું નથી અને આ કામે ઈજા પામનારે કોઇ તબીબી સારવાર લીધેલ હોવાનું પણ રેકર્ડ પર રજુ થયેલ નથી તેમજ આરોપીઓ દ્વારા બનાવ સ્થળે સાહેદ જગાભાઇ કે તેમની દિકરીઓની જિંદગી કે શારીરિક સલામતી જોખમમાં મૂકાય એવા ઈરાદાથી કોઇ કૃત્ય કરવામા આવ્યુ હોય કે શારિરીક ઈજા પહોંચાડવામાં આવેલ હોય તેવું ફલીત થતું નથી, અને સાહેદ જગાભાઇ બનાવ સમયે ઉશ્કેરાઈ જઈને જાહેર સુલેહશાંતિનો ભગ કરે અથવા કોઈ ગુનો કરી બેસે તેવા ઈરાદાથી સાહેદ જગાભાઇને આરોપીઓએ ઉશ્કેરાટનું કારણ આપેલ હોય તેવી પણ કોઇ જ હકીકત પુરવાર થતી નથી અને વધુમાં આરોપીઓ પૈકી કોઈપણ આરોપી દ્વારા સાહેદ જગાભાઇની દિકરી જાનવીને છરી બતાવી જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય તેવી હકીકત પુરવાર થતી નથી અને આ કામના સાહેદ જગાભાઇ અને તેમની દિકરી જાનવી તેમની રોજીંદી કાર્યવાહી સતત ભયના ઓથાર તળે નિભાવતા હોય તેવી પણ કોઇ જ હકીકત પુરવાર થતી નથી અને આ કામે જાહેરનામું હથિયારબંધી અંગેનું રજુ થયેલ છે. પરંતુ તે

જાહેરનામું ઢંઢેરો પીટી જાહેર કરવામાં આવેલું હોઈ કે, કઈ–કઈ જાહેર જગ્યાએ જાહેરનામું ચોડી બજાવેલ છે. તે હકીકીત પણ પુરવાર થતી ના હોય જેથી આ કામે આરોપીઓ વિરુધ્ધના ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૩, ૩૩૭, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ ૧૩૫ ના આવશ્યક તત્વો પુરવાર થતાં નથી.

આમ, ફરિયાદપક્ષ તરફથી તપાસવામાં આવેલ ફરિયાદી તેમજ અન્ય સાહેદોનો રેકર્ડ પર રજુ થયેલ સમગ્ર પુરાવો ભરોસાપાત્ર અને વિશ્વસનીય પુરાવો નથી અને ફરિયાદપક્ષના કેસને સંપુર્ણપણે સમર્થન કરતા નથી અને સદરહુ સાહેદોના પુરાવામાં વિરોધાભાષ જણાય આવે છે અને ફરિયાદને અનુરૂપ પુરાવો આપતા નથી અને બનાવ સાહેદ જગાભાઇની બજરંગ દુગ્ધાલય નામની દુધની ડેરી કે જે માંડા ડુંગર, ભીમરાવનગર, નવદુર્ગા ચોકમાં કે જે જાહેર જગ્યા પર બનેલ છે અને ત્યાં સ્વતંત્ર સાહેદોની હાજરી ચોક્કસ હોય પરંતુ તેવા કોઇ જ સ્વતંત્ર સાહેદોનો પુરાવો રેકર્ડ પર રજુ થયેલ નથી, વળી પંચનામાની હકીકતો પણ પુરવાર થયેલી નથી અને તમામ પંચ સાહેદોને ફરી ગયેલા જાહેર કરવામાં આવ્યા છે. આ સંજોગોમાં આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૩, ૩૩૭, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ ૧૩૫ મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો આચરેલ છે તે હકિકત ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી જેથી મુદ્દા નંબર : ૧ નો નિર્ણય **નકારાત્મક** ઠરાવી મુદ્દા નંબર : ૨ પરત્વે નીચે મુજબ છેવટનો આદેશ કરવામાં આવે છે.

–:: <u>**હુકમ**</u> ::–

૧. ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૩૫(૧) અન્વયે આ કામના આરોપી નંબરઃ **(૧) સંજયભાઇ મનસુખભાઇ સોલંકી, (૨) મનસુખભાઇ છગનભાઇ સોલંકી, (૩) મંજુબેન વા./ઓ. મનસુખભાઇ સોલંકી, (૪) દિલીપભાઇ**

**છગનભાઈ સોલંકી,** રહેવાસી તમામઃ માંડા ડુંગર, ભીમરાવનગર, શેરી નંબરઃ ૧૯, મુકામઃ રાજકોટ વાળાને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૩, ૩૩૭, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ ૧૩૫ મુજબના શિક્ષાનેપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો આદેશ કરવામાં આવે છે.

**૨.** મુદ્દામાલ નાશને પાત્ર હોઈ, અપીલ સમય બાદ નાશ કરવો.

**૩.** આ કામના આરોપીઓએ છ માસ માટેના અપીલ સમય દરમ્યાનના રૂા.૧૦,૦૦૦–૦૦ અંકે રૂપિયા દશ હજારના જામીન તથા જાત મુચરકો આપવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખઃ ૨૮મી, માહેઃ જુલાઇ, સનેઃ ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: રાજકોટ.
તા. ૨૮ /૦૭ /૨૦૨૨

**(બી.ડી.પટેલ)**
૭માં એડીશ્નલ સેશન્સ જજ,
**રાજકોટ**
**UID:GJ00563**